**પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,**
**શાહીબાગ, અમદાવાદ શહેર-૩૮૦૦૦૪**

ક્રમાંક:જી/૭૨૫/સીપી/આરબી/૨૩૫૪/૨૦૧૯
તા.૨૬/03/૨૦૧૯

**વિષય**:- મૉલ/શોપ/શો-રૂમ વિગેરે જગ્યાઓએ કામ કરતી મહિલાઓ તથા મુલાકાતી મહિલાઓની જાતિય સતામણી નિવારવા તકેદારી રાખવા અંગેની સુચનાઓ.

તાજેતરમાં અમદાવાદ શહેરના એક શો-રૂમમાં વોશરૂમના નીચેના ખુલ્લા ભાગેથી મોબાઇલથી વીડીયો ઉતારવાની ઘટના તથા એક કપડાંના શો-રૂમમાં મહિલા ગ્રાહક ટ્રાયલ રૂમમાં કપડા ટ્રાયલ કરવા ગયેલ ત્યારે બાજુમા પડેલ બોક્ષ ઉપરથી આરોપી ટ્રાયલ રૂમમાં જોઇ રહેલ હોવાના બનાવો વસ્ત્રાપુર પો.સ્ટે. ખાતે નોંધાયેલ છે. તદઉપરાંત શો-રૂમ/શોપ/મૉલમાં કામ કરતી મહિલાઓની જાતિય સતામણી થવા અંગેની રજુઆતો પણ ઘણીવાર થતી હોય છે. આવા બનાવોને કારણે કામના સ્થળો ઉપર નોકરી કરતી મહિલાઓ તથા મુલાકાત લેતી મહિલાઓની સુરક્ષા અંગે રાખવાની થતી તકેદારી બાબતે શો-રૂમ/શોપ/મૉલના સંચાલકો તરફથી બેદરકારી દાખવવામાં આવતી હોવાનુ જણાય છે. જેથી આવા બનાવો બનતા અટકે તે હેતુથી જે તે એકમના સંચાલકો દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તે માટે નીચે મુજબની કાયદાકીય જોગવાઇઓ તરફ સંચાલકોનુ ધ્યાન દોરવામાં આવે છે તથા તે મુજબ તકેદારી રાખવા સંચાલકોને સુચના છે.

૨/- Sexual Harassment of Women at Work Place (Prevention, Prohibition and Redresal) Act-2013 ની કલમ ૨(ક)માં "ભોગ બનનાર મહિલા"ની વ્યાખ્યા જોતાં, વર્ક પ્લેસ એટલે કે ઓફિસ, શોપ, શો-રૂમ, વિગેરે જગ્યાઓએ જાતિય સતામણીનો ભોગ બનતી મહિલાઓમાં જે તે સ્થળે નોકરી કરતી મહિલાઓની સાથે આવા સ્થળની કોઇ કારણસર મુલાકાત લેતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

૩/- ઉપરોક્ત કાયદાના પ્રકરણ-૬ ની કલમ ૧૯-એ મુજબ કાર્ય સ્થળ (વર્ક પ્લેસ) પર કામ કરતી મહિલાઓ તથા તેવાં સ્થળોની મુલાકાત લેતી મહિલાઓની જાતિય સતામણીથી સુરક્ષા રહે અથવા આવા બનાવો બનતા અટકે તેવુ સુરક્ષીત વાતાવરણ પુરુ પાડવાની જવાબદારી જે તે મૉલ, શોપ, ઓફિસના સંચાલકોની બની રહે છે.

૪/- ઉપરોકત કાયદાની આ જોગવાઇનુ પાલન કરવામાં નિષ્ફળ નિવડનાર સંચાલકો આ કાયદાની કલમ ૨૬(૧)(સી) મુજબ રૂ. ૫૦૦૦૦ સુધીના દંડને પાત્ર તથા કલમ ૨૬(૨)(ii) મુજબ ધંધાકીય એકમની સરકારમાં અથવા તો સ્થાનિક સત્તાતંત્રમાં થતી નોંધણી/ લાયસન્સ/ રીન્યુઅલ પણ રદ થવાને પાત્ર થાય છે.

૫/- ઉપરોક્ત કાયદાની જોગવાઇઓ મુજબ ઓફિસ/શોપ/મૉલ/શો-રૂમ જેવા સ્થળોએ મહિલાઓને સુરક્ષિત વાતાવરણ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી જે તે એકમના સંચાલકોની બની રહે છે.

૬/- શોપ/મૉલ/શો-રૂમના સંચાલકોએ મહિલાઓના ડ્રેસ ટ્રાયલ/ચેન્જીંગ રૂમ તથા મહિલા ટોયલેટ જેવી જગ્યાઓએ કોઇ જાતિય સતામણીનો બનાવ ન બને તે સારૂ પુરતાં તકેદારીનાં

Scanned by CamScanner

પગલાં લેવાં. આવી જગ્યાઓએ જરૂરીયાત મુજબની મહિલા ગાર્ડ રાખી આવી જગ્યાઓની નજીક કોઇ પુરુષ ન પહોંચે તેની તકેદારી રાખી શકાય.

૭/- આ પ્રકારની તકેદારીના ભાગરૂપે શો-રૂમ/શોપમાં મહિલા ડ્રેસ ટ્રાયલ/ચેન્જીંગ રૂમ તથા મહિલા ટોયલેટ/વોશરૂમની એવી જગ્યાએ વ્યવસ્થા કરવી અને તેનુ સ્ટ્રકચર એ રીતનુ રાખવુ કે જેથી કરી તેની નજીક જઇ કોઇ વ્યક્તિ ઉપર/નીચેથી અંદર જોવાનો પ્રયત્ન કે વિડીયોગ્રાફી કરવાનો પ્રયત્ન કરી શકે નહિં અને જાતિય સતામણીના કૃત્યો થતાં અટકે.

૮/- શોપ, શો-રૂમ, મૉલ વિગેરે જેવી જગ્યાઓએ કામ કરતી/નોકરી કરતી મહિલાઓ તથા મુલાકાત લેતી મહિલાઓની સુરક્ષાની તકેદારીના અભાવે જાતિય સતામણીની કોઇ ઘટનાઓ બનશે તો જે તે એકમ વિરુધ્ધ Sexual Harassment of Women at Work Place (Prevention, Prohibition and Redresal) Act-2013 ની કલમ ૨૬(૧)(સી) મુજબ રૂ. ૫૦૦૦૦ સુધીના દંડ તથા કલમ ૨૬(૨)(II) મુજબ ધંધાકીય એકમની સરકારમાં અથવા તો સ્થાનિક સત્તાતંત્રમાં થતી નોંધણી/ લાયસન્સ/ રીન્યુઅલ પણ રદ કરવા અંગે તજવીજ કરવા વિચારણા કરવામાં આવશે.

૯/- તદઉપરાંત મૉલ/શોપના ટ્રાયલ રૂમ કે ટોયલેટ નજીક જાતિય સતામણીની કોઇ ઘટનાઓ બનશે તો જે તે એકમના મુખ્ય સંચાલક, પોતાના એકમમાં મહિલાઓની સુરક્ષા બાબતે જાણી જોઇ બેદરકાર રહી આવાં ગુનાહિત કૃત્ય કરનાર આરોપીને આડકતરી રીતે મદદગારી કરેલાનુ માની ફોજદારી કાયદાની. ગુનામાં મદદગારી કરવાની જોગવાઇઓ મુજબ જે તે બનેલ ગુનામાં તેઓ વિરુધ્ધ પણ કાયદેસરનાં પગલાં લેવા વિચારણા કરવામાં આવશે.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

(૧) પોલીસ ઇન્સ્પેકટર, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

૨/ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મૉલ, શો-રૂમ/શોપના સંચાલકોને ઉપરોક્ત સુચનોથી માહિતગાર કરવા સારૂ .

(૨) પી.આર.ઓ.શ્રી કંટ્રોલ રૂમ,

૨/ ઉપરોક્ત સુચનોની પ્રસાર માધ્યમોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ.

<u>નકલ રવાના</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી સેકટર. ૧, ટ્રાફિક શાખા, ક્રાઇમબ્રાંચ, મુખ્ય મથક અમદાવાદ શહેર.

(૨) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર. ૨, વિશેષ શાખા, વહીવટ અમદાવાદ શહેર.

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન.૧ થી ૭, ક્રાઇમ, ટ્રાફિક પૂર્વ તથા પશ્ચિમ, સાયબર ક્રાઇમ, કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ થી એન. ડીવીઝન, મહિલા ક્રાઇમ, એસ.ઓ.જી અમદાવાદ શહેર.

Scanned by CamScanner